| | |
|---|---|
| | દાખલ થયા તારીખ–૨૮/૦૧/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ–૨૮/૦૧/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ–૦૭/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ : ૦૦, મહિના : ૦૧, દિવસ:૦૬ |

सत्यमेव जयते

# મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ તિલકવાડા, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર–૩૨૫/૨૦૨૬
આંક–

ફરીયાદી: સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપી: જેસલભાઈ રેવજીભાઈ ભીલ
રહે.ઘટામલી તા.નસવાડી,જી.છોટાઉદેપુર

ગુનો: બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની
કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબ

---

ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.દિવાન

---

## જજમેન્ટ

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા–૦૭/૦૨/૨૦૨૫ રોજ કલાક ૧૬/૫૦ વાગે મોજે અગર વસાહત રોડ ઉપર વાહન ચેકિંગ દરમ્યાન કલેડીયા ગામ તરફથી પોતાના કબ્જાની હિરો કંપનની સ્પ્લેન્ડર પ્લસ જેનો આગળ પાછળનો RTO રજીસ્ટેશન નંબર GJ–

૦૬–HC–૩૨૭૬ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે બીજાની જાનને જોખમમા મુકે તે રીતે ચલાવી લાવી તેમજ મો.સા.ચલાવવાનું લાયસન્સ નહીં રાખી વાહન ચેકીંગ દરમ્યાન પકડાઇ જઇ ,બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરતાં તે બદલની ફરીયાદ તિલકવાડા પો.સ્ટે.એ નોંધાયેલ.

(૨) હાલના કામના આરોપી વિરૂધ્ધ તિલકવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧ ૮૨૩૦૨૫૨૫૦૧૪૩/૨૦૨૫ થી ઉપરોકત ગુના અન્વયેની ફરીયાદ નોંધાતા બનાવની આગળની તપાસ તિલકવાડા પો.સ્ટેનાઓએ સાંભળી લઈ બનાવ બાબતે પંચનામા કરી લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) ત્યારબાદ આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીનો આંક–૩ થી જવાબ નોંધેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા:–**

(૧) આંક–૫ થી પંચસાહેદ મકબુલખાન ઈસબખા ઘોરીની જુબાની

(૨) આંક–૭ થી પંચસાહેદ નરેશભાઈ ભચલાલભાઈ વસાવાની જુબાની

(૩) આંક–૮ થી ત.ક.અમલદાર રાજેશભાઈ જયંતિભાઈની જુબાની

**દસ્તાવેજી પુરાવા:–**

(૧) આંક–૬ થી પંચનામું

(૨) આંક–૯ થી અસલ ફરીયાદ

(૪) ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે. રજુ થયેલ પુરાવા તથા દલીલોના અંતે મારા ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા–૦૭/૦૨/૨૦૨૫ રોજ કલાક ૧૬/૫૦ વાગે મોજે અગર વસાહત રોડ ઉપર વાહન ચેકિંગ દરમ્યાન કલેડીયા ગામ તરફથી પોતાના કબ્જાની હિરો કંપનની સ્પ્લેન્ડર પ્લસ જેનો આગળ પાછળનો RTO રજીસ્ટેશન નંબર GJ–૦૬–HC–૩૨૭૬ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે બીજાની જાનને જોખમમા મુકે તે રીતે ચલાવી લાવી તેમજ મો.સા.ચલાવવાનું લાયસન્સ નહીં રાખી વાહન ચેકીંગ દરમ્યાન પકડાઇ જઇ ,બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછી આપેલ છે.

૧. નકારમાં,
૨. આખરી હુકમ

**<u>કારણો</u>**

(૬) સદર કામે ફરીયાદપક્ષ તરફેના મુદ્દામાલ કબજે કર્યાના પંચસાહેદો મકબુલખાન ઈસબખા ઘોરીને આંક–૫ થી તેમજ નરેશભાઈ ભયલાલભાઈ વસાવાને આંક–૭ થી તપાસતા તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આશરે ત્રણ એક મહિના પહેલા અગર વસાહત મુકામે તેમના કામ અર્થે આવેલ ત્યારે તિલકવાડા પોલીસ સ્ટેશનના માણસોના બોલાવાથી

તિલકવાડા પો.સ્ટે.માં હાજર થયેલ ત્યારે તિલકવાડા પોલીસે તેમને જણાવેલ કે, પંચનામુ કરવાનુ હોય તેઓએ પંચોએ સ્વખુશી દર્શાવેલ. પોલીસે તૈયાર લખેલા કાગળમાં તેમની સહી લીધેલ. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂ કોઈ પંચનામુ કરેલ નથી. તેઓ પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવતા તે આંક–૬ થી રજુ થયેલ છે.

આ તબકકે પંચસાહેદોને ફરી ગયેલાં સાહેદ જાહેર કરીને એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવા છતાં પંચનામાંની હકીકતને સમર્થન કરતાં નથી.

આરોપી તરફે સદર પંચસાહેદોની ઉલટ તપાસ કરતાં તેઓએ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, પોલીસે તૈયાર લખેલા પંચનામા ઉપર તેમની સહી કરાવેલી તે સિવાય પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂમાં કોઈ પંચનામુ કરેલ નથી.

(૭) ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર રાજેશભાઈ જયંતિભાઈને આંક–૮ થી સોગંદ પર તપાસેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૯ વાળી ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

**૨૮૧:–<u>જાહેર માર્ગ પર બેફામપણે હંકારવુ કે સવારી કરવી.</u>**

કોઈપણ વ્યકિત, બહુજન સમુદાયની જીંદગી ભયમાં અથવા અન્ય વ્યકિતએ વ્યથા કે હાનિ થવા સંભવ હોય તેમ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરીયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે આ કલમના તત્વો

નીચે મુજબ છે.

(૮) તદૃઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ભલીન્દરસીંગ ઉર્ફે રાજુ વિ. સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪ ક્રિમી.લો જર્નલ, એસ.સી. પાના નં.૬૨ ઉપર પ્રસ્થાપિત કરેલ છે કે, "Prosecution has of establish case on its own legs, weakness of defense can not be used as circumstances in favour of prosecution." તેમજ પુરાવાના કાયદાની કલમ ૧૦૧ ની જોગવાઈઓ જોવામાં આવે તો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલ હકીકતોની સાબીતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજો ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત ઉપર છે એમ કહેવાય તે પ્રમાણે તેમજ અન્ય એક ચુકાદો શિવચરણસિંહ વિ.ચંદ્રભાણ, એ.આઈ.આર.૧૯૯૮, સુ.કો.પાનાનં.૬૩૭ ઉપર પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જે પક્ષકાર ઉપર સાબીતીનો બોજો હોઈ તેણે સફળ થવા માટે નિ:શંકપણે કેસ સાબિત કરવો જોઈએ. તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીના કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતો નથી. તેના પોતાના હકકના આધારે સફળ થવું જોઈએ અને પોતાની સ્પષ્ટ સાબિતી આપવી જોઈએ.

(૯) ઉપરોકત હકીકતોના અનુસંધાને ફરીયાદપક્ષ તરફથી બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ ના તત્વો પુરવાર કરવા માટે વાહન ચાલક બેદરકારીપૂર્વક વાહન ચલાવતા હતા અથવા બેફામપણે વાહન ચલાવતા હતા અને આરોપીએ આ રીતે વાહન ચલાવેલ હોઈ તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરવું પડે. પરંતુ રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આ કામના

ત.ક.અમલદારે તેમની જુબાનીમાં કબુલ કરેલ છે કે, વાહન ચેકીંગમાં કયા વાહનમાં ગયેલા તે ફરીયાદમાં જણાવેલુ નથી તેમજ ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલા નથી તેમજ બનાવવાળી જગ્યાની બાજુમાં જાહેર રોડ હોય ત્યાં માણસોની સતત અવરજવર રહે છે તેમજ આ કામના તમામ સાહેદો પોલીસ સ્ટાફના માણસો છે તેમણે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. વધુમાં રેકર્ડ પર આવેલ પુરાવા પરથી સદર વાહનના ચાલકથી કોઈને અકસ્માત થયેલ હોય તેવુ બનેલ નથી તથા કોઈને ઈજા કે નુકશાન થયેલ હોઈ તેવુ પણ જણાઈ આવતુ નથી તેમજ આરોપી પોતાનુ વાહન લઈને કેટલી ઝડપે જતા હતા તેવુ ફરીયાદમાં કે કોઈ સાહેદના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ આરોપીની શરીર સ્થિતિના પંચનામાના પંચસાહેદોને આ કામે તપાસતા તેઓ સદર પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી. જેથી એવુ માની શકાય કે, આરોપી બેફીકરાઈ અને ગફલતભરી રીતે વાહન ચલાવેલ હોય તેવી કોઈ હકીકતને તેઓની જુબાનીમાં સમર્થન મળતું નથી કે રેકર્ડ ઉપર આવતી નથી. ઉપરોકત તમામ રેકર્ડ પરના પુરાવાઓને ઘ્યાનમાં લઈએ તો, આરોપીએ વાહન ચલાવતી વખતે કોઈ અકસ્માત કરેલ હોય કે અકસ્માતથી કોઈને ઈજા કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમજ આરોપી પોતાનું વાહન બેદરકારીપુર્વક ચલાવતા હતાં તેવી કોઈપણ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ આરોપી પોતાનુ વાહન બેફીકરાઈથી કે ગફલત ભરી રીતે હંકારેલ હોય. તે બાબતે ફરીયાદપક્ષ લેશમાત્ર પુરાવો રજુ કરતાં ન હોય તે અંગે સચોટ પુરાવો રજુ થતો નથી. ગુનામાં રહેલા તત્વો માટે અનુમાન કરી શકાય નહીં. પરંતુ બેદરકારી પુરવાર કરવી જોઈએ. હવે આ સંજોગોમાં ફરીયાદપક્ષ બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ ના તત્વો નિ:શંકપણે પુરવાર

કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટરીતે ફલીત થાય છે. જયારે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલો ન હોય અને ફરીયાદપક્ષના પુરાવાઓના અભાવને કારણે તેમજ આરોપીને તેનો લાભ અવસ્યપણે મળી શકે તેવુ કોર્ટનું માનવું છે. આમ ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું માની **મુદ્દા નં–૧** નકારમાં ઠરાવી **મુદ્દા નં–૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આ કામના આરોપી જેસલભાઈ રેવજીભાઈ ભીલ, રહે.ધટામલી તા.નસવાડી, જી.છોટાઉદેપુર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧)અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબના ગુનાના તહોમત સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અનવયે આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમયમર્યાદા માટે આરોપીનાં અગાઉનાં જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬ (મહેશ લાખાભાઈ ચોથાણી)
સ્થળ: તિલકવાડા જ્યુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તિલકવાડા, જી.નર્મદા
જી.જે.૦૧૪૩૮

એલ.ટી.પરીખ